# "આચાર્ય સંદેશ""

શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકો,વાલીઓ તથા તમામ શુભેચ્છક મિત્રોને આઇ. પી. મિશન શાળા પરિવાર અમદાવાદ શુભેચ્છાઓ પાઠવે છે. શાળાની ૧૫૦ વર્ષની યાત્રામાં મેનેજિંગ ટ્રસ્ટીઓ, આચાર્ય, સુપરવાઈઝરશ્રીઓ, શિક્ષકમિત્રો ,વહીવટી કર્મચારીઓ વગેરે પોતાના અથાગ પરિશ્રમ, સલાહ સૂચન અને માર્ગદર્શન મારફતે આ લાંબી મજલ કાપી શક્યા છીએ. એ બદલ અમો સૌના ઋણી છીએ. અમો ખાસ આભારી છીએ આઈ. પી. મિશન ટ્રસ્ટ તથા ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી કે જેમણે દરેક પ્રસંગે શાળાના વિકાસમાં સક્રિય ભાગ લીધો છે. અમો ખાસ આભારી છીએ વાલીમિત્રોના કે જેમણે અમારા પર ભરોસો અને વિશ્વાસ મૂક્યા છે. જેને કારણે અમોને ઉત્સાહ અને પ્રેરણા મળી રહેછે. અમો એવું ગંભીરપણે માનીએ છીએ કે વિધ્યાર્થીઓની કેળવણીમાં વાલીઓ અને શાળાનાં કર્મચારીઓનો મહત્વનો હિસ્સો છે.

આઇ. પી. મિશન સ્કૂલ ૧૫૦ વર્ષથી સતત બાળકોનાં શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસ પર પુરતું ધ્યાન કેન્દ્રિત કરેલ છે. બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે તેનો ઉદ્દેશ છે.

બાળકોના વ્યક્તિત્વ વિકાસ માટે પર્સનાલિટી ડેવલપમેંટ પ્રોગ્રામ , સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ,સ્પોર્ટ્સ તથા અલગ અલગ ઈતર પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાનું ભગીરથ કાર્ય કરે છે. જેને પરિણામે શાળા, જિલ્લા , રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા બનેલ છે.

દુનિયાના બદલાતા જતા પ્રવાહની સાથે કદમ મિલાવવા માટે શાળામાં અધ્યતન ત્રણ કોમ્પ્યુટર લેબ , સ્માર્ટ ક્લાસ , L.C.D. પ્રોજેક્ટર જેવા આધુનિક ઉપકરણો દ્વારા શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. જેમાં બાળકોને શિક્ષણ ઉપરાંત શિસ્ત અને જીવન કૌશલ્યો શીખવવામાં આવે છે.

શાળાના શિક્ષકો સતત અપડેટ રહે તે માટે નિયમીત રીતે શિક્ષકો માટે વર્કશોપ અને તાલીમ પૂરી પાડવામાં આવે છે. જેથી સાંપ્રત પ્રવાહો સાથે કદમ મેળવીને શિક્ષકો શિક્ષણકાર્ય કરી શકે.

આ ઉપરાંત અમો ભવિષ્યમાં બાળકોને વધુ સારું શિક્ષણ આપવા માટે વધુ સારા પ્લાન અને પ્રયત્નો સતત ચાલુ રાખીશું . પરંતુ વાલીઓ, વિધ્યાર્થીઓ , શિક્ષકોના સહકાર વિના અમો કંઇ કરી શકીએ તેમ નથી . તેથી આશા છે કે તમે તમારો સહકાર અને સપોર્ટ સતત ચાલુ રાખશો૰

સહકારની અપેક્ષા સહ:.....

આચાર્યશ્રી,

શ્રી જે.ડી.કલાસવા

આઈ.પી.મિશન હાયર સેકન્ડરી હાઇસ્કૂલ,

અમદાવાદ.